લુણાવાડા, સંતરામપુર અને કડાણા સહિતના પંથકોમાં મેઘમહેર

મહીસાગરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ

લાંબા વિરામ બાદ વરસાદ વરસતા ડાંગર, મકાઈ અને તુવેર જેવા ખરીફ પાકોને મળ્યું નવું જીવનદાન

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૨

મહીસાગર જિલ્લામાં લાંબા સમયની આતુરતા અને વિરામ બાદ મેઘરાજાએ મન મૂકીને વરસવાનું શરૂ કર્યું છે. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત ખાનપુર, કોઠંબા, કડાણા, સંતરામપુર અને ગોધર પંથકમાં વરસાદી માહોલ જામતા સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. આ વરસાદને કારણે ગરમીથી અકળાયેલા લોકોને મોટી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

મહિસાગર જિલ્લામાં વરસાદના આગમન સાથે જ ખેડૂતોના ચહેરા પર સ્મિત જોવા મળી રહ્યું છે. આ સમયસરનો વરસાદ ડાંગર, મકાઈ, તુવેર અને અન્ય ખરીફ પાકો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ખેડૂતોના મતે, આ વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ વધશે, જેનાથી વાવણીના કાર્યમાં ભારે વેગ આવશે અને આ વર્ષે પાકનું ઉત્પાદન સારું થવાની આશા જાગી છે.

મહિસાગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં થયેલા વરસાદને પરિણામે નદી, નાળા અને તળાવોમાં નવા નીરની આવક શરૂ થઈ છે. જળાશયોમાં પાણી આવતા આગામી સમયમાં ભૂગર્ભ જળસ્તર ઉપર આવવાની પૂરી શક્યતા વર્તાઈ રહી છે. વરસાદને કારણે સમગ્ર પંથક હરિયાળીની ચાદર ઓઢી રહ્યો છે અને ખેડૂતો પૂર્ણ ઉત્સાહ સાથે પોતાના ખેતકાર્યોમાં પરોવાઈ ગયા છે.

મેઘરાજાને મનાવવા વાડી ગામે શિવલિંગને જલમગ્ન કર્યું

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વાડી ગામમાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડૂતો અને ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છે. વરસાદના અભાવે ખેતરોમાં ઉભો પાક સુકાઈ રહ્યો છે, જેવી વિકટ સ્થિતિમાં મેઘમહેર થાય તે હેતુથી ગ્રામજનોએ વર્ષો જૂની લોકમાન્યતા અને પરંપરા મુજબ ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવા અનોખી ધાર્મિક વિધિ યોજી હતી. ગામના પ્રાચીન મહાદેવ મંદિરે મોટી સંખ્યામાં મહિલાઓ માથા પર પાણીના બેડાં ભરી પહોંચી હતી અને શિવલિંગ પર સતત જળાભિષેક કર્યો હતો. બાદ, મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન શિવલિંગને સંપૂર્ણપણે પાણીમાં ડૂબાડી (જલમગ્ન કરી) મેઘરાજા વહેલી તકે વરસે તેવી શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી. - **ચિંતન પટેલ**

ખેડાના વેરહાઉસનો કર્મી જ ૫ મોબાઈલ ચોરી ગયો

વડાલા પાટીયા પાસેના લોજિસ્ટિક પાર્કમાં સીસીટીવી ફૂટેજમાં કર્મચારી ચોરી કરતો દેખાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

ખેડા તાલુકાના વડાલા પાટીયા પાસે આવેલા એક લોજિસ્ટિક પાર્કના વેરહાઉસમાં મટીરીયલ હેન્ડલ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ જ કંપનીમાં હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. કંપનીના સોટીંગ એરિયામાંથી પાંચ મોબાઈલ ફોન ચોરી જનાર કર્મચારી વિરુદ્ધ ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ખેડાના વડાલા પાટીયા નજીક હીલ વે ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજીસ્ટીક પાર્કમાં આવેલ ઈન્સ્ટા કાર્ટ સર્વિસિસના વેરહાઉસમાં એન્ફોર્સમેન્ટ અધિકારી તરીકે ફરજ બજાવતા અતિક એહમદ સૈયદને વિવિધ સ્ટોરોમાંથી મોબાઈલના ખાલી ખોખા મળ્યા હોવાની ઈમેઈલ દ્વારા જાણ થઈ હતી. આ બાબતે તપાસ કરવા માટે ગત તા. 14 જુલાઈના રોજ કંપનીના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા.

આ અંગે સીસીટીવી ફૂટેજમાં જાણવા મળ્યું હતું કે, ગત તા. 10 જુલાઈની રાત્રે કંપનીમાં જ મટીરીયલ હેન્ડલ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરતો હર્ષકુમાર જયંતીભાઈ મીઠાપરા (રહે. સિહુજ, તા. મહેમદાવાદ) સોટીંગ એરિયામાં મોબાઈલના બોક્સ તોડી તેમાંથી મોબાઈલ કાઢતો જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે હર્ષકુમાર કુલ 1,83,582ની કિંમતના 5 મોબાઈલ ફોન ચોરી કરી ગયો હતો. આ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

ખેડા પાલિકાનો 'વિકાસ' ૨૦ દિવસમાં જ ધોવાયો | મુખ્યમંત્રી પોર્ટલ પર કરી ફરિયાદ

ખેડામાં લાખોના ખર્ચે બનેલી નવી ગટર રોડ પહેલા જ વરસાદમાં નાકામ બની !

વોર્ડ નં. ૬માં જૈન દેરાસર સહિત ઘરો અને દુકાનોમાં પાણી ભરાતા લોકોમાં રોષ

(પ્રતિનિધિ) ખેડા તા.૨૨

ખેડા નગરપાલિકાના વોર્ડ નંબર ૬માં વરસાદી પાણીના ભરાવાની વર્ષો જૂની સમસ્યાના કાયમી ઉકેલ માટે તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે નવીન ગટર અને રોડનું કામ કરવામાં આવ્યું હતું. પરંતુ આ કહેવાતો 'વિકાસ' માત્ર ૨૦ દિવસમાં જ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. હજુ હમણાં જ પૂર્ણ થયેલા કામની પહેલા જ વરસાદમાં પોલ ખુલી ગઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ જે પરિસ્થિતિ હતી તેના કરતા પણ વધુ ખરાબ હાલત નવીન કામ પૂર્ણ થયા બાદ જોવા મળી રહી છે. ગટર અને રોડ પાણીમાં ગરકાવ થઈ જતાં વરસાદી પાણી વેપારીઓની દુકાનો અને સ્થાનિકોના ઘરોમાં ઘૂસી ગયા હતા. આ આયોજનબદ્ધ કામગીરીના અભાવે સામાન્ય જનતાની હાલાકીમાં વધારો થયો છે.

ખેડા પાલિકાની બેદરકારી અને કામગીરીની નબળી ગુણવત્તા સામે સ્થાનિક જાગૃત યુવાનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. ખેડામાં થયેલા આ કહેવાતા 'વિકાસ'ની તસવીરો અને વિગતો પુરાવા સાથે મુખ્યમંત્રીના પોર્ટલ પર મોકલીને તપાસની માંગ કરી હતી.

જૈન દેરાસરમાં પણ પાણી ઘૂસ્યા: પૂજારી સ્તબ્ધ

આ વિસ્તારમાં આવેલા જૈન દેરાસરમાં પણ વરસાદી પાણી એક તરફથી ઘૂસીને બીજી તરફ બહાર નીકળ્યા હતા. દેરાસરના પૂજારીએ આશ્ચર્ય અને દુખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવી પરિસ્થિતિ અમે પહેલી વાર જોઈ છે."

કડાણાના સંઘરી ગામ પાસે કારની ટક્કરે યુવકનું મોત

કડીયાકામ કરી પરિવારને મદદરૂપ થતા યુવાનનું અકાળે અવસાન

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૨

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના સંઘરી ભાથાની મુવાડી ગામ પાસે ગત મંગળવારે સવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક ઈકો ફોર વ્હીલ ગાડીના ચાલકે મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતા ૧૮ વર્ષીય નિકુલ વાગડીયાનું માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી કરૂણ મોત નીપજ્યું હતું.

સાલીયાબીડ ગામે રહેતા અને કડીયાકામ કરી ગુજરાન ચલાવતા ભરતભાઈ સોમાભાઈ વાગડીયાનો ૧૮ વર્ષીય પુત્ર નિકુલ ગત મંગળવારે સવારે ૧૦:૦૦ વાગ્યાના સુમારે પાડોશીની મોટરસાયકલ લઈને નીકળ્યો હતો. આ દરમિયાન સંઘરી નજીક પહોંચતા જ GJ-35-N-7613 નંબરની ઈકો ગાડીના ચાલકે તેને અડફેટે લીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા નિકુલને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લુણાવાડા જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પુત્રના અચાનક મોતથી વાગડીયા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અકસ્માત સર્જ્યા બાદ ચાલક પોતાની ઈકો ગાડી કડાણા પોલીસ સ્ટેશન મૂકીને નાસી છૂટ્યો હતો. મૃતક યુવકના પિતાએ નોંધાવેલી ફરિયાદના આધારે કડાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં ગેરકાયદે બાંધકામ પર બિલ્ડરે જાતે જેસીબી ફેરવ્યું

મનપાની નોટિસ બાદ કાર્યવાહી: દાદર તોડી પડાતા વેપારીઓની હાલત કફોડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ શહેરના રેલવે સ્ટેશન નજીક આવેલા કોમ્પ્લેક્સમાં મુખ્ય માર્ગ પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામનો વિવાદ વકર્યો છે. નડિયાદ મનપામાં થયેલી વ્યાપક ફરિયાદો અને તંત્ર દ્વારા પાઠવવામાં આવેલી કડક નોટિસોના પગલે, બિલ્ડરે કોઈ મોટી સરકારી કાર્યવાહી થાય તે પહેલાં જ સાવચેતીના ભાગરૂપે જાતે જેસીબી મશીન લાવીને ગેરકાયદે દાદર તોડી પાડ્યા છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા તપાસ બાદ બાંધકામ સત્વરે હટાવી લેવા માટેની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરાતા બિલ્ડર પર દબાણ વધ્યું હતું. જોકે, આ અચાનક કરાયેલી તોડફોડને કારણે કોમ્પ્લેક્સમાં ધંધો કરતા દુકાનદારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. દુકાનો સુધી પહોંચવાનો મુખ્ય રસ્તો જ તૂટી જતાં ગ્રાહકોને હાલાકી પડી રહી છે અને વેપારીઓના ધંધા-રોજગાર પર તેની માઠી અસર જોવા મળી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કોમ્પ્લેક્સમાં માત્ર દાદર જ નહીં પરંતુ બેઝમેન્ટની ઉપર બનાવવામાં આવેલો ફ્લોર અને અન્ય હિસ્સાઓ પણ મંજૂરી વિનાના હોવાની ફરિયાદો ઉઠી છે. આગામી દિવસોમાં પાલિકા તંત્ર આ વધારાના ગેરકાયદે બાંધકામો સામે પણ કડક તપાસ કરી આગળની કાર્યવાહી કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

નડિયાદ : માગરીયા વાસણા ગામની ગૌચરમાં બેફામ ખનન

સરપંચ-તલાટી સામે પગલાં લેવા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

ખેડા જિલ્લાના માગરીયા વાસણા ગામમાં સરકારી અને ગૌચરની જમીન પર મોટા પાયે ચાલી રહેલા ગેરકાયદેસર માટી ખનન મામલે ભારે વિવાદ સર્જાયો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિ સામે નડિયાદના એક જાગૃત નાગરિકે અવાજ ઉઠાવી જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગામની પંચાયત હસ્તકની સરકારી તેમજ ગૌચરની જમીન પર લાંબા સમયથી માટીનું ખનન બેફામ રીતે ચાલી રહ્યું છે. જેના કારણે ગામના પર્યાવરણને નુકસાન પહોંચી રહ્યું છે અને પશુઓ માટેની ગૌચરની જમીનનું મોટા પાયે ધોવાણ થઈ રહ્યું છે. સ્થાનિકોની રજૂઆતો છતાં પંચાયતના જવાબદાર હોદ્દેદારોએ આ મામલે મૌન સેવી લીધું હોવાના આક્ષેપો થયા છે.

અરજદારે આક્ષેપ કર્યો છે કે, ગુજરાત પંચાયત અધિનિયમ 1993 હેઠળ પંચાયતની મિલકતોનું રક્ષણ કરવાની પ્રાથમિક જવાબદારી સરપંચ, ઉપસરપંચ અને તલાટીની છે, પરંતુ તેઓ ખનન માફિયાઓ સામે કોઈ પગલાં ન ભરી પોતાની ફરજમાં નિષ્ફળ ગયા છે. સત્તાધીશોની આ કથિત સાંઠગાંઠ અને બેદરકારીને ધ્યાને રાખી, કલમ 57 હેઠળ તેઓને હોદ્દા પરથી દૂર કરવા અને તેઓની સામે ફોજદારી રાહે એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી છે.

વિદેશ જવા માંગતા અને બેંક બેલેન્સ બતાવવા ઇચ્છતા સભ્યોના વિશ્વાસઘાત

નરસંડાની ક્રેડિટ સોસાયટીમાં ₹૨.૯૬ કરોડનું ધિરાણ કૌભાંડ

સેક્રેટરી સહિત બે શખસે ૩૨ ખાતેદારોના નામે બોગસ જામીનદારો ઉભા કરી અને ખોટી સહીઓ કરી કૌભાંડ આચર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ તાલુકાના નરસંડા ગામની ધી મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. માં કરોડો રૂપિયાની છેતરપિંડીનું કૌભાંડ બહાર આવતા ચકચાર મચી ગઈ છે. સોસાયટીના સેક્રેટરીએ અન્ય એક શખ્સ સાથે મળીને સભાસદોની જાણ બહાર તેમના નામે બોગસ ધિરાણ મેળવી કુલ રૂ. ૨,૯૬,૨૫,૦૦૦ ની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ વડતાલ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે સોસાયટીના ચેરમેન ઈન્દ્રવદન મનુભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, સોસાયટીના સેક્રેટરી અમીતકુમાર રમેશભાઈ પટેલ અને એજન્ટ તરીકે કામ કરતા હેમંતકુમાર ઉર્ફે લાલો અંબાલાલ પટેલ એ આ ગુનાહિત કાવતરું રચ્યું હતું. વિદેશ જવા માંગતા અને બેંક બેલેન્સ બતાવવા ઇચ્છતા ૩૨ જેટલા નોમિનલ સભ્યોના નામે આ ધિરાણ મેળવવામાં આવ્યું હતું. આરોપીઓએ સોસાયટીના મૂળ સભ્યોના આધાર કાર્ડ મેળવી, તેમની જાણ બહાર જામીનદાર તરીકે તેમની ખોટી સહીઓ કરી હતી.

આ ધિરાણની રકમ વડતાલ સ્થિત બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં જમા કરાવ્યા બાદ, સોસાયટીનો બોજો મૂક્યા વગર બારોબાર ઉપાડી લેવામાં આવી હતી. જૂન-૨૦૨૫થી વ્યાજની રકમ આવતી બંધ થતા સોસાયટી દ્વારા તપાસ કરવામાં આવી હતી

જેમાં આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા કરવામાં આવેલા ઓડિટમાં પણ આ બોગસ ધિરાણ કૌભાંડની પુષ્ટિ થતા પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભારત બહાર IDMCનો પ્રથમ સંપૂર્ણ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થપાયો

'આત્મનિર્ભર ભારત'થી 'વિકસિત ભારત' તરફનું મહત્વનું કદમ ગણાવાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની આઈડીએમસી લિમિટેડે વૈશ્વિક ફલક પર એક મોટી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. કંપનીએ યુનાઈટેડ કિંગડમના બર્મિંગહામ ખાતે 'ફ્રેશવેઝ' માટે 10 લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા સંપૂર્ણપણે ઓટોમેટેડ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટનું સફળતાપૂર્વક નિર્માણ કર્યું છે. આ અત્યાધુનિક પ્લાન્ટનું ઉદ્ઘાટન એનડીડીબી અને આઈડીએમસીના ચેરમેન ડો. મીનેશ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તે ભારતની બહાર સ્થાપવામાં આવેલો આઈડીએમસીનો પ્રથમ સંપૂર્ણ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ છે. ડો. મીનેશ શાહે જણાવ્યું હતું કે,

એક સમયે ડેરી પ્રોસેસિંગ ઉપકરણો માટે વિદેશ પર નિર્ભર રહેતું ભારત હવે વિશ્વકક્ષાના સોલ્યુશન્સ પૂરા પાડી રહ્યું છે, જે ભારતની વિકસી રહેલી એન્જિનીયરિંગ શ્રેષ્ઠતાનો પુરાવો છે. આ પ્લાન્ટ માત્ર મશીનરી જ નહીં, પણ 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના વિઝનને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવે છે. મે 2024માં મળેલા આ નિકાસ ઓર્ડર અંતર્ગત આઈડીએમસીએ પ્લાન્ટની ડિઝાઈન, ઉત્પાદન, સપ્લાય અને ઈન્સ્ટોલેશનની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી.

ફ્રેશવેઝના મેનેજિંગ ડિરેક્ટર બાલી નિજ્જરે આઈડીએમસીના વ્યાવસાયિક અભિગમની પ્રશંસા કરી હતી. આ સફળતાને પગલે હવે આંતરરાષ્ટ્રીય ડેરી ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતીય કંપનીઓ માટે નવા બજારોના દ્વાર ખુલ્યા છે.

પ્લાન્ટમાં અત્યાધુનિક સુવિધાઓ

- » શેલ્ફ લાઇફમાં વધારો: તૈયાર ઉત્પાદન માટે સ્ટેરાઇલ એર ફ્લશિંગ સિસ્ટમ છે, જે પ્રોડક્ટની આયુષ્ય વધારે છે.
- » વિશાળ ક્ષમતા: પ્રત્યેક 1.25 લાખ લિટરની ક્ષમતાવાળા મિલ્ક સ્ટોરેજ સાઇલોઝ અને અત્યાધુનિક મિલ્ક પ્રોસેસિંગ લાઇન્સ.
- » સંપૂર્ણ ઓટોમેશન: મિલ્ક ટેન્કર રિસેપ્શનથી લઈને ક્રીમ પ્રોસેસિંગ સુધીની તમામ કામગીરી ઓટોમેટેડ છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225